# કેરીના છોતરા, ’ને આનારના પેંતરા

**ન બોલવામાં નવ ગુણ**

★ નટવર પંડયા




ઉનાળો છે એટલે લેખ કેરી વિશે લખવો તો પણ અત્યારે ‘કેરીની સીઝન પહેલાની કેરી’ એટલી બધી મોંઘી હોય કે ખરીદવાની વાત તો છોડો, લેખ લખવાની ય હિંમત થતી નથી. અત્યારે કેરી બહુ ભાવ ખાય છે. એટલે પછી કેરીને બદલે ‘કેરીના છોતરા’ પર લખવાનું નક્કી કર્યું. આ લખાય છે ત્યારે સ્થિતિ એવી છે કે કોઈ ખુશ થઈને અમને કેરીનો કરંડિયો ભેટ આપે તો ખાઈ શકાય. પણ એવું બનતું નથી! ભૂલથી બીજાના ઉઘરાણીના ધમકી ભર્યા હેટ લેટર - hate letter (love letter હોય તો hate letter પણ હોય ને!) કેટલીક વાર અમારા સરનામે આવી જાય છે. પણ ભૂલથી કોઈના કેરીના કરંડિયા અમારે ત્યાં આવતા નથી. અમારે મિત્રના સસરાને મોટું આંબાવાડીયું છે. તો મેં મિત્રને પૂછ્યું કે હે મિત્ર, તમારા સસરા દર વર્ષે કેરીના કરંડિયા મોકલે ખરા! તો તેણે કહ્યું, “ના એવી ભૂલ ક્યારેય ન કરે, એનું ચાલે તો ‘પેરૂના કરંડિયા’ મોકલે.!”

કેટલાક લોકો એવા હોય છે કે ‘પ્રી મેંગો સીઝન’ માં સવારે દશ વાગ્યે કેરી ખાધી હોય તો ડીશમાં તેના છોતરા અને ગોટલા સાંજ સુધી એમને એમ જ રૂમમાં રહેવા દે. પછી કોઈ મહેમાન બેસવા આવે તો છોતરાથી મહેમાન પર પ્રભાવ પાડવા મથે કે આટલી મોંઘી કેરી પણ અમે અત્યારે આરોગીએ છીએ. પણ એ ગોટલા-છોતરા જોઈને મહેમાનને યજમાન પર એવી દાઝ ચડે કે આના તો શ્રીફળની જેમ છોતરા કાઢીને વધેરી નાખવો જોઈએ. પણ મહેમાન બે ચાર વાર કેરીના ગોટલા-છોતરા જુએ છતાં કેરી વિશે કોઈ ક્વેરી ન કાઢે કે કવેશ્ચન ન કરે એટલે છેવટે હોસ્ટીએ (એટલે ‘યજમાનની પત્ની.’ બેસ્ટનું ‘બેસ્ટી’ થાય તો હોસ્ટનું હોસ્ટી શું કામ ન થાય!) પોતાના દીકરાને બૂમ પાડીને કહે કે બેટા કૌતુક, આ જરા કેરીના ગોટલા છોતરા નાખી દે ને! જો ને આ દલ્લુ અંકલ અને આંટી આવ્યા છે. આ છોતરા અહીં હોય તો કેવું ખરાબ લાગે. પણ છોકરાઓને અગાઉથી જ બુનિયાદી તાલીમ આપેલી હોય એટલે તે એક જ બૂમમાં આવે નહીં. કેરીના છોતરાની ત્રણ-ચાર બૂમ આખા ઘરમાં ફરી વળે પછી દીકરો કે દીકરી દેખાડો દે અને છોતરા નાખવા માટે ડીશ લઈને ઘરની ગેલેરીમાં જાય પણ અગાઉ કહ્યું તેમ બુનિયાદી તાલીમના કારણે છોકરા પણ બહાર જઈને પ્રતિબૂમ પાડે કે મમ્મા..આ.. આ.. ડસ્ટબિન તો કેરીના છોતરાથી આખી ભરાઈ ગઈ છે. તો છોતરા ક્યાં નાખું? અહીંથી મમ્મી બૂમ પાડે, “અરે નાખી દે ને એમાં જ.” એટલે વળી છોકરો બૂમ પાડે કે મમ્મા..આ.. આ.., ડસ્ટબિન ચિક્કાર ભરેલી છે. ત્યારે મમ્મી મહેમાન સામે જોઈને બોલે, “જુઓને, સવારે તો પેલો સ્વીપર ડસ્ટબીન ખાલી કરીને લઈ જાય. પણ અમારે એવું છે કે દિવસના ત્રણેય ટાઈમ જમવા સાથે મેંગો તો જોઈએ જ! ઉપરાંત એક્સ્ટ્રા ખાઈએ એ તો જુદી, એટલે ગોટલા છોતરાથી જ ડસ્ટબિન ભરાઈ જાય. ત્યારે મહેમાનને મનોમન એવું લાગે કે સાલું આપણે અહીં કચરો લેવા તો નથી આવ્યા ને! વળી હોસ્ટીને ખબર હોય કે કોઈ મહેમાન ઊઠીને ડસ્ટબિન જોવા જવાનો નથી. બાકી જાય તો ખબર પડે કે ડસ્ટબિનમાં તો સમ ખાવા પૂરતું કેરીનું છોતરુ ય નથી. એમાં તો બે દીવસ પહેલાના શક્કરટેટીના બેક છોતરા પડ્યા છે.

આ રીતે તેઓ મહેમાનને પ્રભાવિત કરવા માટે કેરીનો અતિશય દુરુપયોગ કરે. વળી કોઈની સાથે નવી સવી ઓળખાણને એકબીજાને ઘેર આવરો જાવરો શરૂ થયો હોય એટલે તેને આંજી નાખવા માટે આ ટેકનિક બહુ અજમાવે. કારણ કે કેટલાક લોકોને બીજાને ઇમ્પ્રેસ કરવામાં બહુ મજા પડે. મહેમાન થોડા સીધા સાદા દેખાતા હોય. એટલે આ લોકો ટ્રમ્પવેડા બહુ કરે. પણ એને પેટ તોડા (પેટનો ભયંકર દુખાવો) એ વાતે હોય કે આટલી કેરીકથા કરી તોય સાલા મહેમાન કેરી બાબતે કાંઈ પૂછતા કેમ નથી!? પૂછે નહીં એટલે એ લોકોએ પેટમાં પધરાવેલો કેરીનો રસ પણ ખાટો થઈ જાય અને કેરીનો વધારે ને વધારે ડચૂરો ચડે.

અધુરામાં પૂરું મહેમાનની પત્ની પાછું બોલી જાય કે ‘અમે તો હજુ તરબૂચ ખાઈએ છીએ, કેરીને તો હજુ વાર છે.’ એટલે હોસ્ટીને એવો કોટો ચડે કે તે સામેથી કહે, “ અમારે તો આ રોજનું થયું! (મોટી મોટી ફેંકવી તે!) અમારે તો કેવું છે કે ઉનાળાની સીઝનની પહેલી બેસ્ટ કેસર મેંગો માર્કેટમાં આવે એટલે મફતકાકાને ત્યાંથી કેરીના બોક્સ આવી જ જાય. મફતકાકા ફ્રુટવાળાનું નામ તો તમે સાંભળ્યું જ હશે!” મહેમાન કહે, “ના, નથી સાંભળ્યું.” તો હોસ્ટી કહે, “અરે મફતકાકા તો આ શહેરમાં ફ્રુટના સૌથી મોટા હોલસેલર! એમાંય વળી કેરીના તો કિંગ ગણાય છે.” હરતું ફરતું આંબાવાડિયું સમજી લો. એ લોકો આમ તો એક્સપોર્ટ જ કરે છે. પણ અમે તો છેલ્લા દશ વર્ષથી કીધેલું છે. એટલે સૌથી પહેલા એક્સપોર્ટ ક્વોલિટીની ઓરીજીનલ મેંગો અમારે ત્યાં જ આવે. જો કે હોસ્ટી મફતકાકા ફ્રુટવાળાને નામથી જ ઓળખતી હોય અને ફોટા જોયા હોય. અધૂરામાં પૂરું પોતાના મોબાઈલ ફોનમાં મહેમાનને મફતકાકાનો ફોટો ય બતાવે. બાકી મફતકાકા આમનો ધડો ય ન કરતા હોય. પાછા મહેમાનને આટલી લાંબી કથા પછી પૂછે, “ચા ચાલશે ને! તમે કહો તો મેંગો જ્યુશ બનાવીએ.’ (અલ્યા મહેમાન કહે ખરા કે મેંગો જ્યુશ બનાવો. એ શું તારે ત્યાં મેંગો જ્યુશ માટે લાંબા થયા છે!)

હોસ્ટીની તરબૂચ જેવી મોટી મોટી ફેંકોલોજી સાંભળવા છતાં મહેમાન દંપતી ભાદર નદીના તરબૂચની જેમ ઠંડુ જ રહે. મૂળ તો મહેમાન આવ્યા હોય હોસ્ટીના ભાઈની સગાઈની વાત લઈને પણ એમને થાય કે આ લોકો આટલી બધી મેંગો ખાતા હોય તેને ત્યાં દીકરી ન દેવાય. દીકરીને એસિડિટી થઈ જાય. એટલે મહેમાન દંપતીએ વાત જ ન ખોલે. હોસ્ટી વિશેષમાં કહે કે અમારે દરેક સીઝનનું એક્સપોર્ટ ક્વોલિટીનું ફ્રૂટ મફતકાકાને ત્યાંથી આવી જ જાય. અમને સબ્જી મંડીમાં ફ્રૂટ્સ લેવા જવું, ભાવતાલ કરવા એ બધું ન ફાવે. પણ સારું છે તમે આવ્યા તે બહુ આનંદ થયો. પણ આજ અચાનક આ બાજુ ભૂલા પડ્યા!” એટલે મહેમાનભાઈ કટાક્ષ કરે કે તમારે ત્યાં કેરીના દર્શન માટે. જો કે કેરીના દર્શન તો ન થયા પણ છોતરાના દર્શનથી ય ધન્ય થઈ ગયા. હોસ્ટી કાર્બનથી પકવેલી કેરી જેવું અદક્પાંસળું હસીને કહે, “અરે એવું તે કાંઈ હોતું હશે!” એટલે મહેમાનના પત્ની કહે,“ એ તો આજે આ બાજુથી નીકળ્યા’તા તે થયું કે ચાલો તમને જરા મળતા જઈએ. પણ ખરેખર આ ઉનાળામાં કેરીના છોતરાના સૌથી પહેલા દર્શન તમારે ત્યાં થયા, બોલો! અમને બહુ આનંદ થયો! સોડમ પણ કેટલી સરસ છે. તમે છોતરા ડસ્ટબીનમાં નાખી આવ્યા તોય હજુ રૂમમાંથી ખુશ્બુ જવાનું નામ નથી લેતી.” પછી મહેમાન પતિ પત્નીને ઠોસો મારે એટલે બહેન બંધ થઈ જાય નહીં તો બેન તો હોસ્ટીને ખજુરીના ઝાડ પર ચડાવીને ટાંટિયો ખેંચે એવા હોય પણ બંધ થઈ જાય. પછી મહેમાન કહે, “તમે એકવાર અમારા ગામ મંડલીકપુર આવો. અમારું ગામ જુનાગઢથી બીલખા રોડ પર આવેલું છે, નજીક જ છે.” હોસ્ટી કહે, “અમારે ટાઈમનો મોટો પ્રોબ્લેમ!” બહેન કહે, “અરે અમારા માટે ટાઈમ કાઢો. તમારા જેવા મોટા માણસો અમારે ત્યાં ક્યાંથી!” ત્યાં તો હોસ્ટીબેન ફૂલાઈને કોઠીમડામાંથી કોબીજ થઈ જાય.

પછી તો મહેમાન દંપતીએ પોતાને ઘેર જઈને બે ચાર દિવસ પછી પેલા હોસ્ટીબેનને પોતાને ગામ આવવા વારંવાર આમંત્રણ આપ્યું. એટલે એકવાર હોસ્ટીએ સજોડે મંડલીકપુર જવાનો પ્રોગ્રામ બનાવ્યો અને સજોડે મહેમાનને ગામ ગયા. મહેમાન પતિ પત્ની તેમને વાડીએ ફરવા લઈ ગયા. હોસ્ટીએ પૂછ્યું, “વાડી કેટલા વીઘા છે?” બહેને કહ્યું, “ સામે છેડે તમારી નજર પહોંચે ત્યાં સુધી!” પછી કહ્યું, “કુલ બસ્સોવીસ વીઘા છે.” હોસ્ટીની આંખો ચાર નહીં પણ સીધી આઠ થઈ ગઈ! તેણે જોયું તો બસ્સોવીસ વીઘાની વાડીમાં કેસર કેરીઓના આંબા લુમ્બો ઝુમ્બો ઝૂલતા હતા. અત્યારે આંબા વેડવાનું કામ ચાલુ હતું. ભાઈએ કહ્યું, “ચાલો પેલા ભાઈને મળી લઈએ.” પછી થોડે દૂર કેરીની ટ્રક ભરાતી ‘તી ત્યાં ગયા. હોસ્ટી તો તે ભાઈને જોઈને આશ્ચર્યચકિત થઈને બોલી ઊઠી!, “અરે મફતકાકા તમે અહીં ક્યાંથી?” મફતભાઈ તો આ હોસ્ટીને ઓળખતા પણ નહોતા. છતાં કહ્યું, “મારે તો દર વર્ષે અહીં આવવું જ પડે. આ દલપતભાઈની કેરીઓ ખરીદવાની હોય ને એટલે.” પછી બહેન બોલ્યા, “અમારી કેરીઓ ખરીદવામાં મફતભાઈનો વેઇટિંગમાં પાંચમો નંબર છે.” આ સાંભળી હોસ્ટીનું મો લંઘાઈ ગયેલા રીંગણ જેવું થઈ ગયું અને તેને જવાબ મળી ગયો કે આ મહેમાન દંપતી આપણે ઘેર આવ્યું ત્યારે અમારી કેરીની નોંધ કેમ નહોતા લેતા!”

**કેરીના છોતરાની ત્રણ-ચાર બૂમ આખા ઘરમાં ફરી વળે પછી દીકરો કે દીકરી દેખાડો દે અને છોતરા નાખવા માટે ડીશ લઈને ઘરની ગેલેરીમાં જાય પણ અગાઉ કહ્યું તેમ બુનિયાદી તાલીમના કારણે છોકરા પણ બહાર જઈને પ્રતિબૂમ પાડે કે મમ્મા..આ.. આ.. ડસ્ટબિન તો કેરીના છોતરાથી આખી ભરાઈ ગઈ છે**

## -:: ગરમાગરમ ::-

***એક લીટર પેટ્રોલના ભાવમાં બે લીટર દૂધ આવે છે. માટે રોજનું બે લીટર દૂધ પીઓ અને સાયકલ ચલાવો. પેટ્રોલિયા પડતા મૂકોને પરસેવો પાડો!***